# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

## પરીક્ષા શાખા.

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૫/૦૯/૨૦૨૩ તથા તા. ૨૬/૦૯/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ**

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની સભા તા. ૨૫/૦૯/૨૦૨૩ ને સોમવાર તથા તા. ૨૬/૦૯/૨૦૨૩ ને મંગળવારનાં રોજ મા. કુલપતિશ્રી ડો. મુકુલભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને ચાણકય ભવન, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ખાતે મળેલ.

**નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજર રહેલ.**

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) વૈદ્ય ભરતભાઈ કલસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૩) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૪) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૫) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા (તા. ૨૫/૦૯/૨૦૨૩ નાં રોજ હાજર રહેલ.)
(૬) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નીચે મુજબના સભ્યશ્રી ગેરહાજર રહેલ.**

(૧) નિયામકશ્રી આયુષ, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર

**કાર્યસૂચિ–૧ :**

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૬/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજુર કરવા અંગે.**

ઉપરોકત કાર્યવાહીની નોંધ બોર્ડના સર્વે સદસ્યશ્રીઓને પત્ર નં.૪/પરીક્ષા/૨૮૬, તા. ૧૭/૦૬/૨૦૨૩ થી મોકલી આપવામાં આવેલ છે, જે મંજુર થવા પ્રસ્તાવ છે.

**ઉપરોકત મિટીંગની કાર્યવાહીની નોંધ મંજુર થતા માન. અધ્યક્ષશ્રીએ સહી કરેલ.**

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૬/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધમાં કાર્યસૂચિ–૬–વિદ્યાર્થી દ્વારા ભરવામાં આવતી ઓનલાઈન ફી ના ગેટ વે બાબતે નીચે મુજબ નિર્ણય કરવામાં આવ્યો.**

**આ બાબતે હિસાબી શાખા સાથે સંલગ્ન રહીને સોફટવેર બનાવવાનું કાર્ય તા. ૧૫/૧૦/૨૦૨૩ સુધીમાં ડેમોન્સ્ટ્રેશન આપવાનું રહેશે તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

**કાર્યસૂચિ–૨:**

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૬/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે લેવામાં આવેલ પગલા બાબત.**

એકઝામીનેશન કંટ્રોલબોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવેલ.**

...૨...

<u>કાર્યસૂચિ–૩</u> :
**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૦૪/૦૯/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજુર કરવા અંગે.**

ઉપરોકત કાર્યવાહીની નોંધ બોર્ડના સર્વે સદસ્યશ્રીઓને પત્ર નં.૪/પરીક્ષા/૨૦૨૩–૨૪/૭૫૮, તા. ૦૫/૦૯/૨૦૨૩ થી મોકલી આપવામાં આવેલ છે, જે મંજુર થવા પ્રસ્તાવ છે.

**ઉપરોકત મિટીંગની કાર્યવાહીની નોંધ મંજુર થતા માન. અધ્યક્ષશ્રીએ સહી કરેલ.**

<u>કાર્યસૂચિ–૪</u>:
**એકઝામીનેશન કંટ્રોલબોર્ડની તા. ૦૪/૦૯/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે લેવામાં આવેલ પગલા બાબત.**

એકઝામીનેશન કંટ્રોલબોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવેલ.**

<u>કાર્યસૂચિ–૫</u> :
**આગામી ઓકટોબર–૨૦૨૩ માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર બી.એ.એમ.એસ. / યોગા (બી.એન.વાય.એસ.) પ્રથમ, દ્વિતિય, તૃતિય તથા ચતુર્થ વર્ષની પરીક્ષા માટે લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષાના પરીક્ષકશ્રીઓ તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની તથા પ્રેસ કમિટિની રચના થવા અંગે.**

બી.એ.એમ.એસ. કોર્ષ માટે વિદ્યાર્થીની સંખ્યા ધ્યાને લઈ લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષકશ્રી તેમજ સિનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત થવા પ્રસ્તાવ છે. યુનિવર્સિટી સંલગ્ન કુલ–૨૬ કોલેજોની બધા વર્ષોની મળીને વિદ્યાર્થીઓની સંખ્યા–કુલ– ૩૨૦૭ છે, જે જાણ માટે.

યોગા (બી.એન.વાય.એસ.) કોર્ષ માટે વિદ્યાર્થીની સંખ્યા ધ્યાને લઈ લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષકશ્રી તેમજ સિનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત થવા પ્રસ્તાવ છે. યુનિવર્સિટી સંલગ્ન મોરારજી દેસાઈ યોગ ઈન્સ્ટીટયૂટ, વડોદરાના બધા વર્ષોની મળીને વિદ્યાર્થીઓની સંખ્યા–કુલ–૩૮ છે, જે જાણ માટે.

આગામી ઓકટોબર–૨૦૨૩ માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર બી.એ.એમ.એસ. / યોગા (બી.એન.વાયએસ.) પરીક્ષા માટે પેપર સેટર તેમજ મોડરેટરની નિયુકિત થઈ ગયેલ છે, જે જાણ માટે. પ્રેસ કમિટિની નિયુકિત કરવાની બાકી હોય, તે નિયુકિત કરવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષાના પરીક્ષકશ્રી તેમજ સિનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુકિત કરવામાં આવી. પેપર પ્રિન્ટીંગની કાર્યવાહી હવે ઓનલાઈન હોવાથી પ્રેસ કમિટિની જે કાર્યવાહી છે તે પરીક્ષા શાખાએ જ કરવી તેમજ તેને લગતાં કાર્યની એસ.ઓ.પી. નકકી કરી પરીક્ષા શાખાના દરેક અધિકારી / કર્મચારીને તેની જાણ કરવામાં આવે તેમ નકકી કરવામાં આવ્યું.**

...૩...

<u>કાર્યસૂચિ–૬</u> :
**પેપરની આન્સર કી તૈયાર કરવા માટેની જરૂરી કમિટિની રચના થવા બાબત.**

આગામી ઓકટોબર–૨૦૨૩ માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર બી.એ.એમ.એસ. પ્રથમ, દ્વિતિય, તૃતિય તથા ચતુર્થ વર્ષની પરીક્ષા પૂર્ણ થયા બાદ જે તે પેપરની આન્સર કી તૈયાર કરવા માટેની જરૂરી કમિટિની રચના થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**હવે પછીથી તમામ પરીક્ષાના તમામ પેપરોની આન્સર કી જે – તે પેપર સેટર પાસે જ તૈયાર કરાવવાની રહેશે, જે – તે પેપરમાં મોડરેટર દ્વારા સુધારા – વધારા કરવામાં આવે તે મુજબની આન્સર કી મોડરેટર દ્વારા તૈયાર કરવાની રહેશે તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

**ઓકટોબર–૨૦૨૩ ની પરીક્ષાના તમામ પેપરોની આન્સર કી મંગાવવાની રહેશે તેમ નિર્ણય કરવામાં આવ્યો. પરીક્ષા શાખા દ્વારા આન્સર કી ની ગાઈડ લાઈન તૈયાર કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

**ઓકટોબર–૨૦૨૩ ની પરીક્ષાના તમામ પેપરોની આન્સર કી માટે શિક્ષકોની નિમણુંક કરવામાં આવી.**

<u>કાર્યસૂચિ–૭</u> :
**લેખિત / પ્રેકટીકલ પરીક્ષા માટે સેન્ટર મર્જ થવા બાબત.**

પારૂલ ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ, લીમડા તથા ક્રીષ્ના આયુર્વેદ કોલેજ, વરણામા, વડોદરા કોલેજ એમ બંને કોલેજના મળીને ઓકટોબર–૨૦૨૩ ની બી.એ.એમ.એસ. પરીક્ષા આપતા કુલ–૧૯ વિદ્યાર્થીઓની લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા ખાતે લેવા માટે મંજુરી આપવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**પારૂલ ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ, લીમડા તથા ક્રીષ્ના આયુર્વેદ કોલેજ, વરણામા, વડોદરા કોલેજ એમ બંને કોલેજના મળીને ઓકટોબર–૨૦૨૩ ની બી.એ.એમ.એસ. પરીક્ષા આપતા કુલ–૧૮ વિદ્યાર્થીઓની લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષા સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા ખાતે લેવા માટે મંજુરી આપવામાં આવી.**

<u>કાર્યસૂચિ–૮</u> :
**ઉતરવહીમાં ડમી નંબર આપવા અંગેની પધ્ધતિ ચાલુ રાખવા બાબત.**

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૦૪/૦૯/૨૦૨૩ ની સભામાં બાબત–૨ થી ઓકટોબર–૨૦૨૩ ની તમામ પ્રોફેશનલ વર્ષની ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઈન કરાવવાનું નકકી થયેલ છે. અગાઉ ઓફલાઈન એસેસમેન્ટ વખતે તમામ ઉતરવહીમાં ડમી નંબર આપવામાં આવતાં હતાં. હવે તમામ ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઈન કરાવવાનું હોય, ઉતરવહીમાં ડમી નંબર આપવાની પધ્ધતિ ચાલુ રાખવી કે કે કેમ તે અંગે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઓનલાઈન એસેસમેન્ટ સીસ્ટમ હોવાથી ડમી નંબર આપવાની પધ્ધતિ ચાલુ રાખવી નહીં તેમજ ઉતરવહીઓની સ્કુટીની કરવાની જરૂર નથી તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

...૪...

<u>કાર્યસૂચિ–૯</u> :
**ઓનલાઈન એસેસમેન્ટ બાબત.**

આગામી ઓકટોબર–૨૦૨૩ માં લેવાનાર બી.એ.એમ.એસ. પરીક્ષાનું પરીણામ જાહેર થયા બાદ રી–એસેસમેન્ટને પાત્ર થતાં વિદ્યાર્થીઓની ઉતરવહીઓનું રી–એસેસમેન્ટ ઓનલાઈન કરવું કે કેમ ? તે અંગે નિર્ણય થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઓકટોબર–૨૦૨૩ ની બી.એ.એમ.એસ. ની પરીક્ષાથી રી–એસેસમેન્ટ ઓનલાઈન કરવું તેમ નકકી કરવામાં આવ્યું.**

**ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ઓર્ડીનન્સ–૧૩૪ મુજબ જે – તે પરીક્ષાનાં પરીણામ બાદ વિદ્યાર્થીઓ તરફથી આવતી રજુઆતો પરત્વે ઉતરવહીઓનું રી–ચેકીંગ કરવાની જોગવાઈ અમલમાં હતી. આ રી–ચેકીંગમાં ઉતરવહીના પ્રથમ પેઈજમાં આપવામાં આવતાં તમામ માર્કનો સરવાળો તથા ઉતરવહીના અંદરના ભાગે પ્રશ્નવાઈઝ આપવામાં આવતાં માર્ક ચેક કરવામાં આવતાં હતાં. હવે ઉતરવહીઓનું ઓનલાઈન એસેસમેન્ટ કરવામાં આવનાર હોવાથી રી–ચેકીંગની આવશ્કયતા રહેતી ન હોવાથી રી–ચેકીંગની કામગીરી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.**

**રી–ચેકીંગની કામગીરી બંધ કરવાના નિર્ણયની જાણ સંલગ્ન તમામ કોલેજોને કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.**

<u>બાબત–૧</u> :–
જુલાઈ–૨૦૨૩ ની લેખિત પરીક્ષામાં રચના શારીર – ૧/૨ ના પ્રશ્નપત્રમાં પૂછાયેલ પ્રશ્ન તેમજ MCQ ના પ્રશ્નપત્રમાં પુછાયેલ પ્રશ્ન બાબત.

બી.એ.એમ.એસ. જુલાઈ–૨૦૨૩ ની પરીક્ષામાં તા.૦૩/૦૪–૦૮–૨૦૨૩ ના રચના શારીર–૧/૨ ના પેપરમાં SAQ, LAQ તથા MCQ માં પૂછાયેલ પશ્ન NCISM ની બ્લુ પ્રિન્ટ મુજબ પૂછાયેલ નથી તે બાબતની અરજી/રજૂઆત સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ, આર.એમ.ડી આયુર્વેદ કોલેજ, વાગલધારા તેમજ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ આયુર્વેદ કોલેજ, ઈશ્વરીયા ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની સયુંકત સહી સાથેની રજુઆત આચાર્યશ્રી મારફત આવેલ છે. આ પત્રો ધ્યાને લઈ અત્રેથી તા. ૦૨/૦૯/૨૦૨૩ નાં પત્ર નં ૭૪૨ થી વૈદ્ય કલ્પના રાજે, જામનગર પાસે જરૂરી અભિપ્રાય માંગવામાં આવેલ. તેના અનુસંધાને વૈદ્ય કલ્પના રાજે તરફથી તા. ૦૪/૦૯/૨૦૨૩ ના પત્રથી માંગવામાં આવેલ અભિપ્રાય આવેલ. આવેલ અભિપ્રાય વંચાણે લઈ જરૂરી નિર્ણય અર્થે પ્રસ્તાવ રજૂ કરેલ છે. NCISM ની રચના શારીર વિષયનાં પ્રશ્નપત્ર–૧/૨ ની બ્લુ પ્રિન્ટની નકલ જાણ માટે સામેલ રાખેલ.

**ઉપરોકત બાબતે વૈદ્ય કલ્પના રાજે તરફથી આવેલ અહેવાલ, સંબંધિત પેપર મોડરેટર તેમજ પેપર સેટર પાસેથી આ બાબતે આવેલ અભિપ્રાય એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ સમક્ષ રજુ કરતાં એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ દ્વારા તેની નોંધ લેવામાં આવી.**

...૫...

<u>બાબત–૨ :–</u>

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ અને પરીક્ષા શાખાનું કાર્યક્ષેત્ર નકકી થવા બાબત.

**પરીક્ષા શાખાની કામગીરીની એસ.ઓ.પી. અને કાર્ય વહેંચણી નિયત કરી રજુ કરવી તેમજ એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ સમક્ષ નિર્ણય કરવા યોગ્ય બાબતો જ રજુ કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

<u>બાબત–૩ :–</u>

પેપર સેટર તથા પેપર મોડરેટરના ઓર્ડરો કરવા બાબત.

**કોઈ પણ પરીક્ષા સમયે જે – તે વિષય માટેના પેપર સેટર તથા પેપર મોડરેટરના ઓર્ડરો જે – તે એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની મીટીંગમાં નકકી થયા અનુસાર મીટીંગ બાદ તુરત જ કરવા તેમ નિર્ણય કરવામાં આવ્યો.**

**<u>એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ દ્વારા નીચે મુજબના નિર્ણયો કરવામાં આવ્યા.</u>**

**(૧) એકઝામીનેશન કંટ્રોલ બોર્ડ દ્વારા અવાર–નવાર મૌખિક સૂચના આપવા છતાં પરીક્ષા શાખા તરફથી શિક્ષકોની માહિતી વ્યવસ્થિત કરીને મીટીંગ દરમ્યાન મૂકવામાં આવતી નથી, જેની સર્વે સભ્યશ્રીઓએ કમિટિના અધ્યક્ષને જાણ કરી. જેથી પરીક્ષા શાખાના કાયમી અધિકારી / કર્મચારી દ્વારા આ માહિતી ચેક કર્યા વગર જ એકઝામીનેશન કંટ્રોલ બોર્ડમાં મૂકવામાં ન આવતાં, કારણ વગરનો સમય વધુ વ્યય થાય છે, જેની નોંધ લેવામાં આવી અને હવે પછીથી આ કાર્યવાહી યોગ્ય રીતે થાય તે અંગેની જવાબદારી એકઝામ કંટ્રોલરએ જોવાની રહેશે.**

**(૨) અન્ય યુનિવર્સિટીમાંથી જો પરીક્ષકોની નિમણુંક કરવામાં આવે તો તેની જાણ જે તે યુનિવર્સિટીનાં રજીસ્ટ્રારશ્રી અને એકઝામ કંટ્રોલરને કરવાની રહેશે.**

**(૩) પેપર પરીક્ષકે એક દિવસના ઓછામાં ઓછા ૨૦ પેપર ઓનલાઈન જોવાના રહેશે. પ્રત્યેક પરીક્ષકને પ્રાયઃ ૨૦૦ પેપર જોવા આપવાના રહેશે.**

**( ડો. એ.પી. ચાવડા )**
**ઈન્ચાર્જ કુલસચિવ**

જા. ૪/પરીક્ષા/૨૦૨૩-૨૪/૮૫૫,
તા. ૨૭/૦૯/૨૦૨૩

પ્રતિ,
સર્વે સંબંધિત સદસ્યશ્રીઓ તરફ.....

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) નિયામકશ્રી, આયુષ, આયુષ વિભાગની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) વૈદ્ય ભરતભાઈ કલસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૫) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા,પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૬) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

---

<u>નકલ રવાના :–</u>

(૧) પી. એસ. ટુ વી. સી. (૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર